www.marugujarat.in

1 પૃથ્વી છંદની અક્ષર સંખ્યા કેટલી છે ?
(A) 17 (B) 18
(C) 19 (D) 16

2 'મભનતતગાગા' - એ કયા છંદનું બંધારણ છે ?
(A) ચોપાઈ (B) સવૈયા
(C) શિખરિણી (D) મંદાક્રાન્તા

3 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' પંક્તિ કયા છંદમાં છે ?
(A) ઝૂલણા (B) હરિગીત
(C) સવૈયા (D) દોહરો

4 અલંકારના મુખ્ય કેટલા પ્રકાર છે ?
(A) 2 (B) 4
(C) 6 (D) 8

5 'કામિની કોકિલા કેલી કૂજન કરે' - માં કયો અલંકાર છે ?
(A) શ્લેષ (B) વર્ણાનુપ્રાસ
(C) ઉપમા (D) રૂપક

6 'વદન સુધાકર રહું નિહાળી'માં કયો અલંકાર છે ?
(A) રૂપક (B) ઉપમા
(C) ઉત્પ્રેક્ષા (D) વ્યતિરેક

7 નીચેનામાંથી કયો અલંકાર જુદો પડે છે ?
(A) પથ્થર થરથર ધ્રૂજે (B) આભ રુએ એની નવલખ ધારે
(C) ઘડિયાળના કાંટે હાંફ્યા કરે સમય (D) સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણ

8 'અમે બે ભાઈ બાને લૈ, ગયા ફોટો પડાવવા' - પંક્તિનો છંદ કયો છે ?
(A) સ્રગ્ધરા (B) અનુષ્ટુપ
(C) દોહરો (D) શિખરિણી



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

9 'નખશિખ' શબ્દ કયો સમાસ છે ?

(A) તત્પુરુષ
(B) મધ્યમપદલોપી
(C) કર્મધારય
(D) બહુવ્રીહિ

10 'આ આખોય મલક લીલોતરીથી છવાયેલો છે' - આ વાક્યમાં નિપાત શોધો.

(A) આ
(B) થી
(C) ય
(D) છે

11 'જ્યારે અધર્મનું સામ્રાજ્ય છવાય છે ત્યારે ઈશ્વર અવતાર લે છે' - વાક્યનો પ્રકાર જણાવો.

(A) પ્રેરકવાક્ય
(B) સાદું વાક્ય
(C) સંકુલ વાક્ય
(D) સંયુક્ત વાક્ય

12 'લવિંગ કેરી <u>લાકડીએ</u> રામે સીતાને માર્યા જો' - માં રેખાંકિત પદ કઈ વિભક્તિ છે ?

(A) સંપ્રદાન
(B) અધિકરણ
(C) અપાદાન
(D) કરણ

13 'વ્યસ્ત'ની સાચી સંધિ ઓળખાવો.

(A) વ્ય + અસ્ત
(B) વ્ય + સ્ત
(C) વિ + અસ્ત
(D) વ્યસ + ત

14 કઈ જોડણી ખોટી છે ?

(A) કારકીર્દી
(B) મૂંઝવણ
(C) ઊર્મિ
(D) નિમણૂક

15 કયું જોડકું ખોટું છે ?

(A) કુટિલ - જટિલ
(B) કુપિત - પ્રસન્ન
(C) ખડતલ - મુડદાલ
(D) કંકોતરી - કાળોતરી

16 નીચેનામાં શું અલગ પડે છે ?

(A) આનંદ
(B) હર્ષ
(C) પ્રમાદ
(D) હોંશ



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

17 'સત્ય એ જ ઈશ્વર છે તેથી તેનો જ હું પૂજારી છું' - અહીં સંયોજક કયું છે ?

(A) એ (B) જ

(C) તેથી (D) તેનો

18 'દેશની આઝાદી ખાતર કેટલાય જવાનો શહીદ થઈ ગયા છે' - માં રેખાંકિત પદ શું છે ?

(A) સંયોજક (B) સર્વનામ

(C) નામયોગી (D) અનુગ

19 'શીતોષ્ણ'ની સાચી સંધિ કઈ છે ?

(A) શીત + ઉષ્ણ (B) શીતો + ષ્ણ

(C) શીત + ઓષ્ણ (D) શીતઃ + ષ્ણ

20 કઈ જોડણી સાચી છે ?

(A) વીનંતી (B) વિનંતિ

(C) વિનંતી (D) વીનંતિ

21 'એમ તો તારાં નેણ બિલોરી, વેણુથી યે વધુ બોલકાં ગોરી' - માં કયો અલંકાર છે ?

(A) શબ્દાનુપ્રાસ (B) વર્ણાનુપ્રાસ

(C) વ્યતિરેક (D) ઉપમા

22 'પાંચમા પરણામ મારા વેરીડાને કહેજો રે' - માં અધોરેખિત પદ કયું છે ?

(A) ભાવવાચક (B) જાતિવાચક

(C) વ્યક્તિવાચક (D) સમૂહવાચક

23 'પાને પાને પોઢી રાત, તળાવ જંપ્યું કહેતા વાત' - માં કયો છંદ છે ?

(A) સવૈયા (B) ચોપાઈ

(C) હરિગીત (D) દોહરો

24 'દેશવિદેશના મહાનુભાવો એ વખતે હાજર હતા' - માં 'દેશવિદેશ' કયો સમાસ છે ?

(A) એકપદપ્રધાન (B) અન્યપદપ્રધાન

(C) કર્મધારય (D) સર્વપદપ્રધાન



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

25 સંજ્ઞાને સ્થાને જે પદ વપરાય તેને શું કહેવામાં આવે છે ?
(A) નિપાત
(B) અનુગ
(C) સર્વનામ
(D) વિશેષણ

26 'કંઈ, કાંઈ, કોઈ, કંઈક' આ સર્વનામો શું દર્શાવવા વપરાય છે ?
(A) પ્રશ્નવાચક સર્વનામ
(B) સ્વવાચક સર્વનામ
(C) દર્શક સર્વનામ
(D) અનિશ્ચયવાચક સર્વનામ

27 સામાન્ય કૃદંત કયો પ્રત્યય લે છે ?
(A) ત
(B) ઈ
(C) વ
(D) ય

28 ઓહો ! અપ્રતિમ સૌંદર્ય ! - આ વાક્યમાં કયું વિરામચિહ્ન છે ?
(A) ગુરુવિરામ
(B) અવતરણચિહ્ન
(C) પ્રશ્નાર્થચિહ્ન
(D) ઉદ્‌ગારચિહ્ન

29 'રામલક્ષ્મણ' એ કયા પ્રકારનો સમાસ છે ?
(A) દ્વન્દ્વ સમાસ
(B) કર્મધારય સમાસ
(C) મધ્યમપદલોપી સમાસ
(D) તત્પુરુષ સમાસ

30 નીચેનામાંથી કયો સમાસ મધ્યમપદલોપી સમાસ છે ?
(A) મનગમતું
(B) ઘરજમાઈ
(C) કુંભકાર
(D) દેશવાસી

31 'ખુશમિજાજ' એ કયો સમાસ છે ?
(A) મધ્યમપદલોપી
(B) બહુવ્રીહિ
(C) દ્વન્દ્વ સમાસ
(D) ઉપપદ સમાસ

32 'ખખડ થતીમે ખીડંગાતી જતી ડમણી જૂની' - પંક્તિનો છંદ જણાવો.
(A) મંદાક્રાન્તા
(B) હરિણી
(C) શિખરિણી
(D) અનુષ્ટુપ



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

33 'ઊંટ કહે, આ સભામાં વાંકાં અંગવાળા ભૂંડાં' - આમાં ક્રિયાવિશેષણ કયું છે ?

(A) આ
(B) વાંકાં
(C) અંગ
(D) સભા

34 'રસ્તા પર થૂંકવું જોઈએ નહીં' - વાક્યનો પ્રકાર જણાવો.

(A) વિધ્યર્થ
(B) સંભાવનાર્થ
(C) આજ્ઞાર્થ
(D) નિર્દેશાર્થ

35 'મારી <u>વેણીમાં</u> ચાર ચાર ફૂલ'માં રેખાંકિત કરેલ પદ કઈ વિભક્તિમાં છે ?

(A) કર્મ
(B) અધિકરણ
(C) કર્તા
(D) કરણ

36 'વેચેલો માલ પાછો લેવામાં આવશે નહીં' - કયા પ્રકારનું કૃદંત છે ?

(A) ભૂતકૃદંત
(B) ભવિષ્ય કૃદંત
(C) વિધ્યર્થકૃદંત
(D) વર્તમાન કૃદંત

37 'પોકળ'નું વિરોધી જણાવો.

(A) પોલું
(B) નક્કર
(C) વિકળ
(D) ખાલી

38 'પોલું છે તે બોલ્યું તેમાં તેંશી કરી કારીગરી ?' - માં વિશેષણ શોધો.

(A) કારીગરી
(B) તેમાં
(C) પોલું
(D) એકેય નહીં

39 કયો ક્રમ સાચો છે ?

(A) લાલાશ, લતા, લાવ, લાળ, લગન
(B) લગન, લતા, લાલાશ, લાલ, લાળ
(C) લતા, લગન, લાવ, લાલાશ, લાળ
(D) લતા, લગન, લાલાશ, લાવ, લાળ

40 કઈ જોડણી સાચી ?

(A) ભીસ્તી
(B) ભિસ્તી
(C) ભિસ્તિ
(D) ભીસ્તિ



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

41 'ઉપવન વિશે સાંજે જ્યારે હવા હસતી હતી.' પંક્તિ કયા છંદની છે ?

(A) શિખરિણી
(B) મંદાક્રાન્તા
(C) પૃથ્વી
(D) હરિણી

42 'લળી લળીને હેત કરતાં વાંસનાં ઝૂંડનાં ઝૂંડ.' પંક્તિમાં કયો અલંકાર પ્રયોજાયો છે ?

(A) રૂપક
(B) શ્લેષ
(C) વ્યતિરેક
(D) સજીવારોપણ

43 કયા શબ્દની જોડણી ખોટી છે ?

(A) ધૂંઆપૂંઆ
(B) જૂગટું
(C) પરિશિલિત
(D) પરિવેષ્ટિત

44 'ઉત્ + નયન' શબ્દોની સાચી સંધિ કઈ છે ?

(A) ઉદ્નયન
(B) ઉન્નયન
(C) ઉત્નયન
(D) ઉનયન્ન

45 'વનસ્થલી' માટે યોગ્ય શબ્દસમૂહ કયો છે ?

(A) વનનો પ્રદેશ
(B) વનનો સમૂહ
(C) વનનો સૂકો પ્રદેશ
(D) વનનો હરિયાળો પ્રદેશ

46 'પોબારા ગણી જવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ કયો છે ?

(A) નાસી જવું
(B) અકળાઈ જવું
(C) ચોરી કરવી
(D) મજા કરવી

47 'બાર ભૈયા ને તેર ચોકા' કહેવતનો સાચો અર્થ કયો છે ?

(A) બાર ભાઈ ને તેર બેઠક
(B) દેખાવે સારું ને દિલ કપટી
(C) લોભથી નુકસાન પહોંચે
(D) જૂથ નાનું ને મતભેદ ઘણા



Downloaded from www.marugujarat.in

Scanned with CamScanner

www.marugujarat.in

48 કયો ધ્વનિ તાલવ્ય ઘોષ મહાપ્રાણ છે ?

(A) ચ
(B) જ
(C) ઝ
(D) ધ

49 'ચાહ' માટે 'ચાઈ' શબ્દ કઈ બોલીની છે ?

(A) પટ્ટણી
(B) ચરોતરી
(C) સૌરાષ્ટ્રી
(D) સુરતી

50 વિમલા, ધર્મેશ, વિજ્ઞાન શબ્દો માટે લઘુ-ગુરુનું સંજ્ઞાત્મક સાચું જોડકું કયું છે ?

(A) UU–, – –U, U–U
(B) UU–, U– –, U–U
(C) UU–, U–U, – – U
(D) UU–, – –U, – –U

51 'દુઃખના ઊગ્યા છે ઝીણા ઝાડ જો.' પંક્તિ કયા અલંકારની છે ?

(A) વ્યતિરેક
(B) રૂપક
(C) શ્લેષ
(D) અતિશયોક્તિ

52 કયા શબ્દની જોડણી સાચી છે ?

(A) ઝુલણિયુ
(B) ભુરાટુ
(C) કણુ
(D) અણુ

53 'ગાયક' શબ્દનો સાચો સંધિવિગ્રહ કયો છે ?

(A) ગો + અક
(B) ગૌ + અક
(C) ગે + અક
(D) ગૈ + અક

54 'સરકાર તરફથી ખેતી માટે આપવામાં આવતાં નાણાં' માટે વપરાતો શબ્દસમૂહ કયો છે ?

(A) લોન
(B) લવાદ
(C) તગાવી
(D) સરકારી સહાય



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

55 કયો શબ્દ સમાનાર્થી નથી ?

(A) મેઘ
(B) પયોદ
(C) ક્ષમા
(D) તોયદ

56 પોર્ટુગીઝ શબ્દ કયો છે ?

(A) પિસ્તોલ
(B) કાનૂન
(C) સુહાગ
(D) મવાલ

57 નીચેના શબ્દોમાંથી અર્થવિસ્તારનું ઉદાહરણ કયું છે ?

(A) ભાર્યા
(B) તેલ
(C) પંકજ
(D) મૃગ

58 તદ્‌ભવ શબ્દ કયો છે ?

(A) પ્રસાદ
(B) માતા
(C) મોતી
(D) સ્નાન

59 કયો શબ્દ પ્રાસતત્ત્વયુક્ત દ્વિરુક્તિ છે ?

(A) સામસામી
(B) આડેધડ
(C) જૂઠેજૂઠું
(D) ભવોભવ

60 કયું જોડકું વિરુદ્ધાર્થી છે ?

(A) ગૃહ - સદન
(B) અલ્પોક્તિ - અત્યુક્તિ
(C) અશ્વ - હય
(D) મદન - અનંગ

61 'ન' અનુનાસિક કયા વર્ગનો છે ?

(A) ક
(B) ચ
(C) ટ
(D) ત

62 કયું જોડકું વિરુદ્ધાર્થી છે ?

(A) તરુ - દ્રુમ
(B) પાવન - શુચિ
(C) ઈહલોક - પરલોક
(D) દ્વિજ - વિહંગ

[ Contd...



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

63 'હાથ વાટકો થવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ કયો છે ?

(A) ભીખ માગવી
(B) હાથથી જવું
(C) અત્યંત ગરીબીનો સામનો કરવો
(D) નાના મોટા કામમાં ઉપયોગી થવું

64 'વસુ વિના નર પશુ' કહેવતનો સાચો અર્થ કયો છે ?

(A) સંસ્કાર વગરનો માણસ
(B) ધન વગરના માણસની કિંમત કોડીની
(C) સાધન સંપન્ન ન હોવું
(D) કહેવું કંઈ ને કરવું કંઈ

65 કયો શબ્દ સમાનાર્થી નથી ?

(A) સ્વામી
(B) ભર્તા
(C) વલ્લભ
(D) કર્તા

66 કયો દેશ્ય શબ્દ છે ?

(A) ટાંગો
(B) ભાણું
(C) મીંઢળ
(D) ઓસડ

67 કયું ચિહ્ન ગુરુવિરામ માટે વપરાય છે ?

(A) ;
(B) !
(C) :
(D) ' '

68 કયો શબ્દ રવાનુકારી નથી ?

(A) ખળખળ
(B) ફરફર
(C) ગામગામ
(D) ફટફટિયું

69 ગુજરાતી ભાષાનો કયો ધ્વનિ મૂર્ધન્ય થડકારવાળો છે ?

(A) ળ
(B) ર
(C) ય
(D) લ

70 'શેતરાં' શબ્દ કઈ બોલીનો છે ?

(A) પટ્ટણી
(B) ચરોતરી
(C) સુરતી
(D) સૌરાષ્ટ્રી



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

71 'આયુષ્યના અવશેષે' કયા કવિની સૉનેટમાળા છે ?

(A) નિરંજન ભગત
(B) પ્રહલાદ પારેખ
(C) રાજેન્દ્ર શાહ
(D) બાલમુકુંદ દવે

72 સાહિત્યકાર - કૃતિ સંદર્ભે કયું જોડકું ખોટું છે ?

(A) રાવજી પટેલ - અશ્રુઘર
(B) રઘુવીર ચૌધરી - અમૃતા
(C) અનિલ જોશી - છિન્નપત્ર
(D) ચુનીલાલ મડિયા - લીલુડી ધરતી

73 કયું જોડકું સાચું છે ?

(a) છ અક્ષરનું નામ — (1) નિરંજન ભગત
(b) પૂર્વાલાપ — (2) રમેશ પારેખ
(c) યુગવંદના — (3) કાન્ત
(d) છંદોલય — (4) ઝવેરચંદ મેઘાણી

(A) a-2, c-1, b-3, d-4
(B) a-3, b-4, c-1, d-2
(C) a-2, b-3, c-4, d-1
(D) b-1, a-3, d-2, c-4

74 કયું જોડકું સાચું છે ?

(a) મોના પાત્રાવાલા — (1) ક્રોસ રોડ
(b) ધીરુબહેન પટેલ — (2) કૃષ્ણાયન
(c) કાજલ ઓઝા વૈદ્ય — (3) રાની બિલાડો
(d) વર્ષા અડાલજા — (4) વડવાનલ

(A) a-3, b-4, c-2, d-1
(B) a-2, b-3, c-3, d-2
(C) a-4, b-2, c-4, d-3
(D) a-1, b-1, c-1, d-4



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

75 'પટમાં ઘોડા થનગને આતમ વીંઝે પાંખ અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ' - આ કોની પંક્તિ છે ?

(A) ન્હાનાલાલ
(B) ઝવેરચંદ મેઘાણી
(C) કલાપી
(D) દલપતરામ

76 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' - આ કોની પંક્તિ છે ?

(A) કવિ બોટાદકર
(B) કવિ ખબરદાર
(C) કવિ સાવરકર
(D) કવિ કાન્ત

77 નીચેનામાંથી કઈ કૃતિને ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી પુરસ્કાર પ્રાપ્ત થયો છે ?

(A) સરસ્વતીચંદ્ર
(B) યુગવંદના
(C) ઝેર તો પીધાં છે જાણી જાણી
(D) સત્યના પ્રયોગો

78 કયા સર્જક 'યુગમૂર્તિ વાર્તાકાર' કહેવાય છે ?

(A) પન્નાલાલ પટેલ
(B) મનુભાઈ પંચોલી
(C) ઉમાશંકર જોશી
(D) રમણલાલ દેસાઈ

79 ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારનું ઉપનામ શું છે ?

(A) સ્નેહરશ્મિ
(B) સુંદરમ્
(C) પ્રેમભક્તિ
(D) સેહની

80 'મિસ્કીન' કોનું તખલ્લુસ છે ?

(A) રાજેન્દ્ર શુક્લ
(B) અંકિત ત્રિવેદી
(C) રાજેશ વ્યાસ
(D) રાજેશ પંડ્યા

81 નીચેનામાંથી કયા સર્જકને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો છે ?

(A) રઘુવીર ચૌધરી
(B) મનુભાઈ પંચોલી
(C) રામનારાયણ પાઠક
(D) ચંદ્રકાન્ત બક્ષી



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

82 'સ્પેક્ટ્રોમીટર' કોલમના લેખક કોણ છે ?

(A) કાજલ ઓઝા વૈદ્ય (B) અજય ઉમટ

(C) જય વસાવડા (D) કૃષ્ણકાંત ઉનડકટ

83 'અજવાળાનો ઓટોગ્રાફ' કોની કોલમ છે ?

(A) ડૉ. નિમિત્ત ઓઝા (B) સંજય છેલ

(C) અંકિત ત્રિવેદી (D) ધૈવત ત્રિવેદી

84 ગુજરાતી સાહિત્યનું પ્રથમ મૌલિક નાટક કયું છે ?

(A) મિથ્યાભિમાન (B) રાઈનો પર્વત

(C) રોમન સ્વરાજ્ય (D) ગુલાબ

85 નીચેનામાંથી ગુજરાતી ભાષાનું સામયિક નથી ?

(A) પરબ (B) શબ્દસૃષ્ટિ

(C) તાદર્થ્ય (D) શબ્દાર્થ

86 નીચેનામાંથી કઈ આત્મકથા વિનોદ ભટ્ટની છે ?

(A) ધૂળમાંની પગલીઓ

(B) એવા રે અમે એવા

(C) અડધે રસ્તે

(D) બાંધ ગઠરિયાં - ભાગ-1 અને 2

87 'મોર બની થનગાટ કરે...' અનુવાદિત રચના મૂળ કઈ ભાષાની છે ?

(A) હિન્દી (B) મરાઠી

(C) બંગાળી (D) પંજાબી



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

88 કયું જોડકું ખોટું છે ?

(A) વલ્લભ મેવાડો - ગરબા
(B) નરસિંહ મહેતા - પ્રભાતિયાં
(C) મીરા ભગત - ચાબખા
(D) પ્રીતમ - પદો

89 ગુજરાતી સાહિત્યની પ્રથમ કૃતિ કઈ છે ?

(A) કુંવરબાઈનું મામેરું
(B) કાન્હડદે પ્રબંધ
(C) ભરતેશ્વર બાહુબલિરાસ
(D) વસંતવિલાસ

90 'કલિકાલસર્વજ્ઞ' તરીકે કોણ ઓળખાય છે ?

(A) નરસિંહ મહેતા
(B) ગોવર્ધનરામ ત્રિપાઠી
(C) હેમચંદ્રાચાર્ય
(D) કવિ નર્મદ

91 'કલમ તારે ખોળે છઉં'...' એવું કોણે કહ્યું છે ?

(A) કવિ દલપતરામ
(B) કવિ નર્મદ
(C) કવિ ન્હાનાલાલ
(D) કવિ દયારામ

92 નીચેનામાંથી કઈ રચના ફાગુ કાવ્ય તરીકે ઓળખાય છે ?

(A) વસંતવિજય
(B) વસંતવિલાસ
(C) વસંતવિહાર
(D) વસંતવર્ષા

93 'ગુજરાતી ખંડકાવ્યના પિતા' તરીકે કયા સર્જક ઓળખાય છે ?

(A) કવિ કાન્ત
(B) કવિ ન્હાનાલાલ
(C) ઉમાશંકર જોશી
(D) નરસિંહરાવ દિવેટીયા

94 કયો કાવ્યપ્રકાર જાપાનીઝ છે ?

(A) સૉનેટ
(B) દુહા
(C) ગઝલ
(D) હાઈકુ



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

95 એપ્રિલ, 2021માં ગુજરાતના કયા જાણીતા ગઝલકારનું મૃત્યુ થયું ?

(A) ચિનુ મોદી
(B) જલન માતરી
(C) ખલીલ ધનતેજવી
(D) શૂન્ય પાલનપુરી

96 ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અપાતો યુવા ગૌરવ પુરસ્કાર વર્ષ 2018નો કોને મળ્યો છે ?

(A) સૌમ્ય જોશી
(B) અજય સોની
(C) સાગર શાહ
(D) ધ્વનિલ પારેખ

97 તાજેતરમાં કયા સાહિત્યકારને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા મેઘાણી એવોર્ડ આપવાનો નિર્ણય કરાયો છે ?

(A) નરોત્તમ પલાણ
(B) નરોત્તમ પરમાર
(C) નીતિન વડગામા
(D) પરેશ નાયક

98 સુરેશ જોશી કયા યુગના સાહિત્યકાર છે ?

(A) ગાંધીયુગ
(B) પંડિતયુગ
(C) આધુનિક યુગ
(D) સુધારક યુગ

99 નીચેનામાંથી કયું પુસ્તક ગાંધીજીએ લખેલું નથી ?

(A) જીવનધર્મ
(B) મંગળ પ્રભાત
(C) હિંદ સ્વરાજ
(D) સર્વોદય

100 'કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગયો....' કોની પંક્તિ છે ?

(A) ઝવેરચંદ મેઘાણી
(B) દુલા ભાયા કાગ
(C) કવિ દાદ
(D) કવિ ભોજા



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

CLICK HERE

@marugujarat_in

JOIN OUR
TELEGRAM
CHANNEL

MaruGujarat.in

Gujarat's No. 01
Educational Website

WHATSAPP:(+91) 9624666679
WWW.MARUGUJARAT.IN